G01-સપ્ટેમ્બર 2025

મુનિ સેવા આશ્રમ, ગોરજ નું પોતીકું

# अनुसंधान

શ્રદ્ધા, સંકલ્પ, સમર્પણ, સ્નેહ,
સેવા અને સહયોગનું સરવૈયું



સંસ્થાપક
પૂજ્ય શ્રી અનુબેન ઠક્કર

મુનિ સેવા આશ્રમ

અધ્યક્ષ
ડૉ વિક્રમ પટેલ

અંધારને અંબોડે વાળી, વિશ્વાસ સંજોર્યો પાલવમાં
શ્રદ્ધા સંકલ્પની ઓઢી ઓઢણી, નીકળ્યા નૂતન પ્રવાસમાં

સ્નેહ - સુરક્ષા - સન્માન સહ, શિક્ષણ સ્વાસ્થ્ય ને સંતુલન
સંતાપો સહુનાં પૂર્યાં પિંજરે, પામ્યાં પરિતોષ પ્રયાસમાં

# શાંતિ પમાડે તેને સંત કહીએ ..!



**જેમની ઉપસ્થિતિ માત્રથી અંધકાર ઉલેચાય, નિરાશા ખરી પડે, શુચિતા, સ્વસ્થતા અને શાતા પમાય તેવા પૂજ્ય શ્રી અનુબેનની દિવ્યચેતનાને કોટી કોટી વંદન !**

લગભગ 47 વર્ષ પહેલાં માત્ર 33 વર્ષની વયે પૂજ્ય શ્રી અનુબહેને ગોરજના અંતરિયાળ વિસ્તારમાં માનવ સેવા નો મહાયજ્ઞ આદર્યો ત્યારે તેમનો પ્રથમ સેવા પ્રકલ્પ આ વિસ્તારના ભૂલકાઓની કાળજી લેવાથી શરુ થયો. પૂજ્ય શ્રી બહેનનાં પરગજુ, માયાળુ અને માતૃસહજ ચીવટ વાળા સ્વભાવ તેમજ શિક્ષણને સો દુઃખોની એક દવા સ્વરૂપ જોવાની દૂરંદેશીએ કાલાન્તરે તેમને હજારો વંચિતોના વાત્સલ્યમૂર્તિ તરીકે પ્રસ્થાપિત કર્યાં. તેમના નિર્મલ મનની ભાવશુદ્ધિ, સ્વચ્છ અને પારદર્શી વહીવટી ક્ષમતાઓને લીધે તેઓએ દાતાઓ માં પણ વિશેષ વિશ્વાસ સંપાદિત કર્યો તેમજ નિસ્વાર્થ નેતૃત્વ શક્તિને પ્રતાપે સામાજિક આગેવાનો વચ્ચે પણ આગવું સ્થાન પ્રાપ્ત કર્યું. સમષ્ટીકલ્યાણના ઉદ્દેશ સાથે એ કલ્યાણીએ શિક્ષણ ,સ્વાસ્થ્ય, સામાજિક ઉત્થાન અને સંસાધન સંવર્ધન ક્ષેત્રે લીધેલ એક પછી એક પગલાંઓ એ આજે મુનિ સેવા આશ્રમને પશુ, પક્ષી , વનસ્પતિ અને મનુષ્યો સહીત લાખો જીવો ને શાતા આપતું કલ્પવૃક્ષ બનાવી દીધું છે.

પૂજ્ય શ્રી બેનના જન્મદિવસે ભારત અને વિદેશમાં વિસ્તરેલા આપણાં બૃહદ આશ્રમ પરિવારે વિવિધ રીતે - હજારો બાળકો અને વંચિતોનાં આરાધમૂર્તિ, કેન્સરનાં લાખો દર્દીઓ માટે કરુણામૂર્તિ, સેવાના પથપર ચાલનારાઓ ની પ્રેરણામૂર્તિને ભાવસભર સ્નેહાંજલિ અર્પણ કરી. આપણી શાળાઓના બાળકોએ આશા, આરોગ્ય અને આનંદનો પથ ઉજાગર કરનાર પોતાના 'અનુમા' પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા વિવિધ કાર્યક્રમો પણ રજૂ કર્યા.



# દીપ્તિ.

છોટાઉદેપુરના નાનકડા ગામ રાજપુરના એક ખેડુત પરિવારની એ દીકરી. પહેલે થી જ ભારે ખંતીલી. 1 થી 8 ધોરણ સુધીનો અભ્યાસ વતનમાં પૂર્ણ કર્યા બાદ આગળના અભ્યાસ માટે તાલુકા મથકે ગઈ જ્યાં એ સમયે પ્રવર્તતી ટ્યુશન પ્રથાને લીધે શાળામાં શિક્ષણનો ભોગ લેવાતો જેના પરિણામ ટ્યુશન ન રાખી શકતા સહુ એ ભોગવવા પડતાં. દીપ્તિ પણ આ કુપ્રથાનો જ ભોગ બની અને HSC પાસ કરવાનું સ્વપ્ન નંદવાયું. એ ક્ષણે, તેના ભવિષ્યના માર્ગો જાણે બંધ થઈ ગયા હોય તેવું લાગ્યું. પરંતુ, વિધાતાએ તેના માટે કંઈક બીજું જ નિરધાર્યું હતું. તેના એક સંબંધી આપણી બક્ષીપંચ શાળામાં નોકરી કરે જેમના થકી તેણે મુનિ સેવા આશ્રમ સંચાલિત વોકેશનલ ટ્રેઇનિંગ સેન્ટર વિષે જાણ્યું. 2017માં VTC ખાતે OT આસિસ્ટન્ટ ના અભ્યાસક્રમમાં જોડાઈ અને શરુ થઇ તેની દીપ્તીમય સફર. અહીંની અત્યાધુનિક કેન્સર હોસ્પિટલ જેવી કોઈ જગ્યા તેણે પહેલાં ક્યારેય જોઇ ન હતી. આવાં સંસ્થાન માં નો મોકો મળ્યો એની ખુશી પણ હતી અને સાથે સાથે મનમાં ઉઠતાં ઘણા સવાલો અને ડર પણ !




મુનિ સેવા આશ્રમ સંચાલિત આપણું વોકેશનલ ટ્રેઇનિંગ સેન્ટર ( VTC ) માત્ર એક શિક્ષણ સંસ્થા નથી, પરંતુ પૂજ્ય શ્રી બેનના સિદ્ધાંતોને વરેલું, યુવાનોને આત્મનિર્ભર બનાવવા માટેનું એક પ્રેરણાધામ છે. અહીં તેમની રોજગાર ક્ષમતાઓ ને વિસ્તૃત કરવાની સાથે સાથે યુવાઓના સ્વભાવમાં જે કઈ સર્વોત્તમ, સર્વાધિક, શક્તિશાળી અને જીવંત હોય તેની અભિવ્યક્તિનો માર્ગ મોકળો કરવાના, તેમની બુદ્ધિ શક્તિને ખીલવવાનાં , સંવેદનાને કેળવવાનાં , તેમનામાં સાહસ - આત્મવિશ્વાસ અને દ્રઢતાનો સંચાર કરવાના પણ યત્નો કરવામાં આવે છે. આ બધાંને અનુલક્ષીને ખુબ સુંદર, જીવન જરૂરી કૌશલ્યો જેમકે યોગ - પ્રાણાયામ - લક્ષ્ય નિર્ધારણ - સમય સંચાલન અને નિર્ણયશક્તિના પાઠ, નૈતિકતાના પાઠ , પર્યાવરણ સંવર્ધનના પાઠ , નાણાકીય અને કાનૂની પ્રાવધાનોની જાણકારી જેવા વિષયોનો પણ અભ્યાસક્રમમાં જ સમાવેશ કરવામાં આવે છે. જેનામાં ધગશ, પ્રામાણિકતા અને કૈક કરી છૂટવાની ભાવના હોય તેને જો આપણાં VTC જેવું એક પથપ્રદર્શક મળી જાય પછી મંઝિલ સુધી પહોંચવું સરળ થતું હોય છે.

દીપ્તિના કિસ્સામાં પણ કૈક આવું જ થયું. અભ્યાસ સાથે અહીંની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી અને દરરોજ અવનવું શીખવાથી, સેવાભાવી લોકોની સંગતમાં રહેવાથી તેનું વ્યક્તિત્વ નિખરી ઉઠ્યું. સ્ટેજ ફિયર ગયો. વક્તૃત્વશક્તિ ખીલી. આત્મવિશ્વાસ વધ્યો અને સ્વપ્નાઓને પાંખો આવી. VTC ખાતે અભ્યાસ પુર્ણ થયા પછી 100% રોજગારની ગેરેન્ટી આપવામાં આવે છે. અભ્યાસકાળ દરમ્યાન દીપ્તિના સદ્ ગુણોથી તેના શિક્ષકો અને માર્ગદર્શકો પણ પરિચિત હતા એટલે તુરંત જ VTCમાં જ વોર્ડન તરીકેની નોકરી મળી ગઈ. વોર્ડન એ એના માટે એક પદ ન હતું પરંતુ સેવાનો અવસર હતો. કોઈ પણ કામ કરવામાં તેણે ક્યારેય પાછા વાળીને ન જોયું. VTC કે તેના વિદ્યાર્થીઓ માટે કે પછી આશ્રમ માટે - તેને જે કઈ કામ ચીંધવામાં આવે તે તેણે દિલ દઈને કર્યું પછી તે પ્લેસમેન્ટ અસીસ્ટન્ટનું હોય , અમદાવાદ , વડોદરા, રાજકોટ જેવા શહેરોમાં વિદ્યાર્થીઓની હોસ્ટેલ સેટ કરવાનું હોય, VTC અને તેની આદિવાસી યુવાહિતની પ્રવૃત્તિઓ વિષે ગામડાઓમાં જાગૃતિ ફેલાવવા માટે પોસ્ટર કે સ્ટીકર ચોંટાડવાનું હોય, રીસેપશન સંભાળવાનું હોય, વિદ્યાર્થીઓના મોબિલાઇઝેશનનું કામ હોય કે ડોક્ટર્સ સાથેના કોઓર્ડિનેશન હોય, કે ભર તડકામાં VTC ના નવનિર્મિત મગનપુરા પરિસર ખાતે ખોદાતા તળાવની માટી લઇ જતી ટ્રકો ગણવાનું હોય, કે પછી પર્સનાલિટી ડેવલોપમેન્ટ વિષે લેક્ચર લેવાના હોય - દરેક કામ તેણે ઉત્સાહપૂર્વક કર્યા. તેનું સમર્પણ અજોડ રહ્યું. કોવિડ મહામારી વખતે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં પરિચારિકાઓની તૂટ પડતા આશ્રમને વિનંતી કરવામાં આવી ત્યારે દીપ્તિએ જ આગેવાની લઇ લાયક વિદ્યાર્થીઓને અમદાવાદ લાવી સેટ કર્યા અને તે પોતે પણ તેમનું ઉત્સહવર્ધન કરવા અને તેમને ટેકો આપવા લગભગ એક મહિનો અમદાવાદ રહી.

બીજાઓના હાથમાંથી કશું આંચકી લેવાની વૃત્તિ વગર પોતાના હાથ અને હૈયાને છલકાયેલા રાખવા એ ધ્યેય નિષ્ઠાનો એક અગત્યનો અંશ છે અને આવી નિષ્ઠાથી ભરેલી, નેતૃત્વશક્તિ, એક લીડરને છાજે તેવી સરળતા અને સાહસ, ટિમ બિલ્ડિંગમાં નિપુણતા , કાર્યપૂર્તિ વિષે તત્પરતા જેવા તેના વિશિષ્ટ ગુણોને લીધે આશ્રમ મેનેજમેન્ટ તરફથી દીપ્તિને VTC ના ઓપરેશન મેનેજર તરીકે નીમવામાં આવી જે તે બખૂબી અદા કરી રહી છે.



ઘણા સમયથી દીપ્તિ અનુસંધાન અને VTC વચ્ચેની કડી તરીકેનો રોલ પણ સુંદર રીતે નિભાવી રહી છે. હમણાં સુધી આપણાં આશ્રમના મુખપત્ર " અનુસંધાન " નું પ્રકાશન ફક્ત અંગ્રેજી ભાષામાં જ કરવામાં આવતું. અમને મળેલ પ્રતિભાવો, પ્રેમ અને માંગણીને ધ્યાનમાં લઈને , આશ્રમના સંસ્થાપક પૂજ્ય શ્રી અનુબેનના જન્મદિવસે લેવાયેલ સંકલ્પ અંતર્ગત, આ સપ્ટેમ્બરથી આપણે અનુસંધાનને ગુજરાતીમાં પણ ઉપલબ્ધ કરાવવા જઈ રહ્યા છીએ જેથી આશ્રમનાં આત્મા સમા , દીપ્તિ જેવા એ દરેક કર્મચારીઓ, જેમના લીધે આપણો આશ્રમ ઉજળો છે અને તેની સેવાની સુવાસ ચારે દિશામાં ફેલાઈ રહી છે, તે આપણાં આશ્રમનાં સહિયારાં ઉત્સાહ - ઉમંગ ના સહભાગી અને ઉદ્દેશ્યપૂર્તિના કાર્યોથી માહિતગાર રહી શકે.

દીપ્તિ એટલે તેજ, આભા , પ્રકાશ ! પોતાના નામને સાર્થક કરતી, પોતાના સદ્ગુણો અને સદાચારથી આશ્રમનું નામ રોશન કરતી દીપ્તિની આંતરદ્રષ્ટિ ઈશકૃપાથી વિકસી ગઈ છે અને જેની આંતરદ્રષ્ટિ કેળવાઈ હોય તેને બાહ્ય કોઈની રહેમદ્રષ્ટિ કે કૃપાની જરૂર રહેતી નથી. એ સ્ત્રી - એ દીકરી સ્વયં શક્તિરૂપા હોય છે. શક્તિ આરાધનાના પર્વને આડે થોડાક જ દિવસો રહ્યા છે ત્યારે સ્ત્રી સશક્તિકરણના આદર્શ ઉદાહરણ સમી દીપ્તિના હાથે " અનુસંધાન" ની પ્રથમ આવૃત્તિ રજુ કરતા અમે અનહદ આનંદ અનુભવીએ છીએ.

મુનિ સેવા આશ્રમના સદ્કાર્યોની દીપ્તિ સંસારમાં સદાયે સેવાનો પ્રકાશ ફેલાવતી રહે !

## આપણાં વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર પરિવાર તરફથી કૃતજ્ઞતા વ્યક્ત કરતા આ પત્ર:

**Muni Seva Ashram**

Sanchalit Vocational Training Centre

હ્રદયપૂર્વક આભાર અને ઋણસ્વીકાર **September 6. 2025**

પ્રતિ,
ચેરમેન શ્રી વિક્રમ સર અને માનનીય ટ્રસ્ટીમંડળ
મુનિસેવા આશ્રમ

વિષય: આપની સંવેદના, સમઝણ અને સહકાર બદલ હ્રદયપૂર્વક આભાર અને ઋણસ્વીકાર

જય શ્રી કૃષ્ણ,

સૌ પ્રથમ, વોકેશનલ ટ્રેઇનિંગ સેન્ટર (વીટીસી) ના તમામ કર્મચારીઓ તરફથી મુનિ સેવા આશ્રમના આદ્યસ્થાપક પૂજ્ય શ્રી અનુબેનને શત શત નમન!

છેવાડાના માનવીઓનો શિક્ષણ, સ્વાસ્થ્ય , સામાજિક સંતુલન અને સંસાધન સંવર્ધન દ્વારા ઉદ્ધારનું તેમનું સ્વર્ણિમ સ્વપ્ન મુનિ સેવા આશ્રમ રૂપે સાકાર થયું છે, એક નાનકડું બીજ ખીલીને વટવૃક્ષ બન્યું છે અને અમારા જેવા કેટલાયે લોકોને છાંયો આપવાની સાથે સાથે સેવાનો પથ પણ પ્રદર્શિત કરી રહ્યું છે.
અમારા માટે આશ્રમ કાયમથી પોતીકો જ હતો. ગયા વર્ષે જ્યારે અમારા પગારમાં સરકારી ધારાધોરણ મુજબ વધારો થયો તેનો અમને સંતોષ હતો અને અમારી મહેનત અને સમર્પણને યોગ્ય સન્માન મળી રહ્યું છે તેવી ભાવના સહુના મનમાં હતી.

પરંતુ આ વર્ષે, આપે અમારા પ્રત્યે જે ઉદારતા અને લાગણી દાખવી છે, તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. માત્ર શ્રેષ્ઠ ઇન્ક્રિમેન્ટ જ નહીં, પણ તમામ કર્મચારીઓને મિનિમમ વેતનથી પણ ૨૦% વધુ પગાર આપીને આપે અમારા જીવનમાં એક નવી ખુશીનો સંચાર કર્યો છે. આપના આ નિર્ણયથી વીટીસીમાં અનોખા ઉત્સાહનું વાતાવરણ સર્જાયું છે. આજે દરેક કર્મચારીના ઉરમાં, આ જીવનમાં, આ મહાન સંસ્થાનો અને મુનિસેવા પરિવારનો હિસ્સો હોવાનો અઢળક આનંદ છે. સેવાના મોકા સાથે સુંદર જીવનયાપનની પણ વ્યવસ્થા કરી આપતી આ સંસ્થા અને તેના ટ્રસ્ટીઓ પ્રત્યે હ્રદયમાંથી કૃતજ્ઞતાનું ઝરણું વહી રહ્યું છે.

આજે પૂજ્ય શ્રી અનુબેનના જન્મદિવસે, અમે સૌ શપથ લઈએ છીએ કે અમે હંમેશા આશ્રમના પવિત્ર હેતુને અમારા હ્રદયમાં રાખીશું અને તન-મનથી એમણે શરૂ કરેલા આ સેવાકાર્યને નિષ્ઠાપૂર્વક આગળ ધપાવતા રહીશું.

અંતે, વીટીસી ના તમામ કર્મચારીઓ વતી, અમે આપ સૌ ટ્રસ્ટીમંડળ અને ચેરમેન શ્રી વિક્રમસરનો હ્રદયપૂર્વક ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ. આપનો સહકાર અને સ્નેહ અમારા માટે સદાય પ્રેરણા બની રહેશે.

આભાર સહ,
વીટીસીના તમામ કર્મચારીઓ

Muni Seva Ashram, Goraj – 391760, Waghodia, Vadodara, INDIA
Phone:+91-2668 265 397, +91-9426 361 397
msa.vtc@greenashram.org www.greenashram.org

UNIT OF Muni Seva Ashram

---

September 6, 2025

Thank you very much for granting us time to express our gratitude.

Personally, for me, I am not only thanking for the 5 minutes of this meeting time, but I am here to express my gratitude for more than 15 years of association with the Ashram. It is god's grace that led me to the Ashram in 2007, which resulted into physically moving here in 2012.

Ashram has not only given me an opportunity to serve the society, but also allowed me to meet true philanthropists like you all. This has truly enriched my life and continues to enrich it each new day.

Anuben's Ashram is a dream-come-true. Between 2007 and 2012 when I was still in the USA, I started dreaming about training the rural youth through vocational training. And now I am able to do that each day of my life.

With VTC staff, our vision is to make VTC one of the best. VTC's 3 leaders here, share this vision with me. Ashram's board and Vikrambhai has always supported VTC and we know that you all will continue supporting to reach this vision by 2030.

When I learnt about board's generous act of increasing salary of all lower-paid employees, I was truly touched. This action is not a one-time financial support, but it is a seismic shift for MSA. There would be very few caring organizations across Gujarat and I am truly thankful to be a part of it.

I know that you all have been helping and supporting Ashram in myriad different ways. As a small gesture of appreciation, I have decided that I will reimburse VTC's operational shortfall on an annual basis.

On her birthday, we pray that Anuben, a true divinity, continue guiding us on this path of true service.

Hemant Patel

**“ કૃતજ્ઞતા કૃપાને આકર્ષે છે. કૃતજ્ઞતા સાથે જે કઈ મળે છે તે અપેક્ષા કરતા અદકેરું હોય છે. કૃતજ્ઞતા ની લાગણી સમગ્ર અસ્તિત્વને હળવાશ આપે છે અને તેથી ઉત્પન્ન થતો આભારભાવ, કદરભાવ અને પ્રાર્થનાભાવ આપણને અનેકવિધ સ્તરે અલગ અલગ તીવ્રતાથી પોષે છે. ”**

જય શ્રી કૃષ્ણ !

આ ઓગસ્ટ મહિનામાં આપણે અંગ્રેજી ભાષામાં નીકળતા  અનુસંધાનનો 15મોં અંક પ્રકાશિત કર્યો. દરેક અંક પછી સહુના પ્રતિભાવ, પ્રતિસાદ અને અઢળક પ્રેમ મળ્યો. મોટા ભાગે સહુંને એક જિજ્ઞાસા  કાયમ રહી. મુનિ સેવા આશ્રમનાં મુખપત્ર  નું નામ અનુસંધાન જ  કેમ ? પરિવારમાં થી કેટલાકે  પ્રેમથી અર્થ પૂછ્યો, કેટલાકે હકથી નામ બદલવા સૂચના આપી તો કેટલાકે અર્થ જાણી - સમજીને અનુમોદન સહીત શાબાશી !

હવે જયારે આપણે અનુસંધાનનું ગુજરાતી સંસ્કરણ પણ ઉપલબ્ધ કરાવવા જઈ રહ્યા છીએ ત્યારે સૌ પ્રથમ  -

## કેમ , "અનુસંધાન" - કેમ ?

અનુસંધાન એ બે સંસ્કૃત શબ્દોથી બનેલો છે: 'અનુ' એટલે કે પાછળ/સતત  અને 'સંધાન' એટલે કે શોધ / સંપર્ક

આ બંને શબ્દો મળીને અનુસંધાન એટલે **'કોઈપણ વસ્તુને સતત જોડવાની કે શોધવાની પ્રક્રિયા'** એવો અર્થ આપે છે. ભાષા - સાહિત્યમાં  અનુસંધાનનો ઉપયોગ કોઈ ચોક્કસ વિષય પર ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા, નવાં તથ્યો શોધવા, અથવા સમસ્યાનું સમાધાન શોધવા માટે થતી પ્રક્રિયા માટે કરવામાં આવે છે.

જિજ્ઞાસુઓને , જ્ઞાન પિપાસુઓને અજાણ્યા તથ્યોથી વાકેફ કરતું , જ્ઞાનનાં સીમાડાઓ વિસ્તૃત કરતું અનુસંધાન જીવનના દરેક ક્ષેત્રમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે. અનુસંધાન દ્વારા જ નવા આવિષ્કારો શક્ય બને છે ,જૂની સમસ્યાઓનો ઉકેલ મળે છે, અને સમાજ પ્રગતિના પંથે આગળ વધી શકે છે. તે ફક્ત માહિતી એકઠી કરવા સુધી સીમિત નથી પરંતુ માહિતીનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરીને નવી સમજણ કેળવવાની અને માનવજાતને ભવિષ્ય તરફ દોરી જતી ક્રિયાશીલ અને રચનાત્મક પ્રક્રિયા છે.

સાણંદ થી શરુ થયેલી પૂજ્ય બેનની સફર - એ સેવા દ્વારા સતત આત્મશુદ્ધિની સફર હતી તો ડો વિક્રમની યાત્રા સાયન્સના સથવારે સેવા થકી સતત આનંદપ્રાપ્તિની યાત્રા ! અને એટલે જ પૂજ્ય શ્રી અનુબહેને સેવેલાં  - સ્થાપેલાં અને ડો. વિક્રમ પટેલે સ્નેહપૂર્વક સીંચેલા આપણાં આ આનંદ આશ્રમ - મુનિ સેવા આશ્રમના મુખપત્રના નામાભિધાનની વાત આવી ત્યારે "અનુસંધાન " સિવાય ક્યાંયે હૈયું ન ઠર્યું . આશ્રમ અને તેની સાથે જોડાયેલા પરિવારના શ્રદ્ધા,સંકલ્પ,સમર્પણ,સ્નેહ,સેવા અને સહયોગની સરવાણી નાં માસિક સરવૈયાનું નામકરણ થયું "અનુસંધાન" !

મુની સેવા આશ્રમ એ એક સ્થળ જ નથી પરંતુ એક વિચાર પણ છે - સ્વ થી પર સમષ્ટિ ના કલ્યાણ નો.. આશ્રમ ની વિવિધ પ્રવૃત્તિઓ ની માહિતી પ્રદાન કરતું અને અહીં થતી રોજબરોજ ની ઘટનાઓ ને તાદ્રશ કરાવતું આ અભિયાન – “અનુસંધાન” આપણા સૌ માટે આનંદ ની અનુભૂતિ નું અને સેવાપથના પથિકો માટે પ્રેરણાની પરબ સમું માધ્યમ બની રહે તેવી પરમ કૃપાળુ પરમાત્મા ને પ્રાર્થના..

## આપણું સહિયારું અભિયાન : અનુસંધાન

મુનિ સેવા આશ્રમ, આપણો આશ્રમ  - વિવિધ સેવા પ્રકલ્પોનું મોટું સ્થાનક છે. ગુજરાતના આંતરિયાળ, ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા આ સેવાયજ્ઞની સુવાસ દેશ - વિદેશમાં ફેલાયેલી છે. છેલ્લા પંદર મહિનાથી અંગ્રેજી ભાષામાં નિયમિત પ્રકાશિત થતાં અનુસંધાન થકી આપણે આપણાં દાતાઓ, શહેરી શુભેચ્છકો સાથે સાથે પરદેશમાં વસતાં આપણા મિત્રો અને માર્ગદર્શકોને આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર કરતાં રહ્યા છીએ અને તેની નિયમિતતા હવે આત્મનિર્ભર થતા આ મહિનાથી આપણું અનુસંધાન માતૃભાષામાં પણ ઉપલબ્ધ થશે.

આપણા માટે ગુજરાતી એ માત્ર ભાષા નથી પરંતુ સમગ્ર ભાવવિશ્વ છે. આપણાં આશ્રમની વાતો ગુજરાતીમાં જ કરવાથી વિશેષ આત્મીયતા અને ગૌરવ અનુભવાય છે. આશા છે ગુજરાતી ભાષાનું આ અનુસંધાન આશ્રમ સાથે જોડાયેલ તમામ કર્મચારીઓ, મૂકસેવકો, સ્થાનિક લોકો અને લાભાર્થીઓને તેમની અનુભૂતિઓ, પ્રતિભાવ અને લેખો મોકલવામાં પણ પ્રોત્સાહિત કરશે. વળી,આથી આપણે માતૃભાષાની પણ થોડીક સેવા કરી શકીશું.

આપણાં આશ્રમની પ્રેરક વાતો અને સેવા પ્રકલ્પોની માહિતી દેશ વિદેશમાં પહોંચાડવા માટે આપ સૌની સહભાગિતા આવકાર્ય છે. અનુસંધાનને વધુ સારું અને અસરકારક બનાવવા માટે આપ મદદ કરશો જ તેવો અમને વિશ્વાસ છે. આપ આ વિષે અમને anusandhan@greenashram.org પર લખી શકો છો. આ સિવાય આશ્રમ વિષયક માહિતી આપણી વેબસાઈટ www.greenashram.org તેમજ આપણા ફેસબૂક અને ઇન્સ્ટાગ્રામ પેજ પર થી પણ મળી શકશે.



# ગણેશ ચતુર્થી : સર્જન - વિસર્જન - નવસર્જનનું પર્વ











ગણેશ ચતુર્થીનાં આગમન સાથે જ મુનિ સેવા આશ્રમની ભૂમિ પર નવચેતન સંચરે અને આપણાં શૈક્ષણિક સંકુલોના વિદ્યાર્થીઓનો ઉત્સાહ, સર્જનાત્મકતા અને ભક્તિભાવ શિખર પર હોય. દર વખત ની જેમ આ વખતે પણ બાળકોએ સ્નેહ અને શ્રદ્ધાપૂર્વક માટીના પિંડમાંથી વિઘ્નહર્તા અને જ્ઞાનપ્રદાતાની મૂર્તિઓ ઘડી તેને સુંદર રીતે શણગારી પોતાના હાથે તૈયાર કરેલા સુંદર પંડાલમાં શ્રીજીને પધરાવ્યા.

આપણા અતિથિ મંદિરમાં પણ શ્રદ્ધાની છોળો ઊડતી જોવા મળી. આશ્રમના અન્ય આયામોની જેમ જ અહીં પણ શ્રીજીનું આગમન થયું અને તેમની ભક્તિભાવપૂર્વક સેવા કરવામાં આવી. આ ઉત્સવમાં, માત્ર અહીંના કર્મચારીઓ જ નહીં, પરંતુ કેન્સરના દર્દીઓ અને તેમના સ્નેહી સ્વજનોએ પણ ભાગ લીધો.આ દરમ્યાન તેમની પીડા અને વેદનાઓ જાણે ક્યાંક વિસરાઇ ગયેલી લાગી અને તેઓ સૌ એ વિઘ્નહર્તાની ભક્તિમાં લીન થઇને એક અલગ જ શાંતિ અને આનંદનો અનુભવ કર્યો. શ્રદ્ધા અને ભક્તિનો પ્રકાશ જીવનની મુશ્કેલીઓ પર વિજય મેળવી રહ્યો હોય તે દ્રશ્ય ની ઝાંખી – એ એક અનોખી સકારાત્મકતાનો અનુભવ રહ્યો.

મંગલમૂર્તિ સૌને સ્વાસ્થ્ય, શિક્ષણ, સદબુધ્ધિ, સમૃધ્ધિ અને સેવાના સંસ્કાર પ્રદાન કરે તેવી પ્રાર્થના સાથે દરરરોજ સિધ્ધિ વિનાયકનું પૂજન-અર્ચન થયું અને એની સાથે સાથે સાથે સમગ્ર વાતાવરણ અદમ્ય સકારાત્મકતા અને દિવ્ય ઉર્જાથી તરબતર થયું. અંતે જલ્દી જલ્દી ફરી પધારવાની વિનંતી સાથે વિસર્જન પણ સંપન્ન થયું.





















## બાલગણેશ : ગણપતિજીનું પ્રથમ સ્વરૂપ

### શું તમે જાણો છો ?



ભગવાન ગણેશ જે વિઘ્નહર્તા અને શુભ કાર્યોના દેવતા છે તેમના 32 પ્રગટ સ્વરૂપ છે. આ દરેક સ્વરૂપ તેમના દિવ્ય વ્યક્તિત્વ અને ગુણોના વિવિધ પાસાઓને રજૂ કરે છે. તેમનું પ્રથમ સ્વરૂપ - બાલગણેશ તેની બાળક જેવી નિર્દોષતા, અખંડ આનંદ અને પવિત્રતાનાં પ્રતીક તરીકે વિશિષ્ટ છે. તેમના ચાર હાથમાં વિવિધ ફળો હોય છે.

**કેરી :** જે મધુરતા અને આધ્યાત્મિક સાધનાના ફળનું પ્રતીક છે.

**કેળું:** જે ફળદ્રુપતા અને સમૃદ્ધિનું પ્રતિનિધિત્વ કરે છે.

**શેરડી:** જે આનંદ અને ઉત્સવનો સંકેત આપે છે.

**ફણસ:** જે વિપુલતા અને સંતોષ દર્શાવે છે.

આ ફળો માત્ર જીવનની સમૃદ્ધિ અને વિવિધતાને જ પ્રકાશિત નથી કરતા, પરંતુ સર્વશ્રેષ્ઠ વસ્તુઓ પ્રદાન કરનાર તરીકે ગણેશજીની ભૂમિકાને પણ રેખાંકિત કરે છે. આ સ્વરૂપ ભક્તોને આ બાળસહજ ગુણોને અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાની સાથે સાથે તેમના હાથમાં રહેલા ફળો દ્વારા આપણો " વોકલ ફોર લોકલ " નો સંદેશ પણ આપે છે - ઋતુ પ્રમાણેના સ્થાનિક ફળ ખાવાથી બાળકો ખડતલ, બુદ્ધિવાન,ચતુર અને સાહસિક બને છે.

**છેલ્લે એક ખાસ વાત - બાલગણેશ ને પ્રિય એવા - કેરી, કેળાં, શેરડી અને ફણસ પણ - આપણાં આશ્રમના ખેતરોમાં ઉગે છે.**

## કબડ્ડી અને વોલીબોલની જિલ્લા - કક્ષાની સ્પર્ધાઓમાં આપણી વિદ્યાર્થીનીઓનાં પ્રશંસનીય પરિણામ !





સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત 69મી અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધામાં મુનિ સેવા આશ્રમની વિદ્યાર્થીનીઓએ કબડ્ડી અને વોલીબોલની જિલ્લા-કક્ષાની સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું.

**વોલીબોલ** - અંડર-14, અંડર-17, અને અંડર-19 ગર્લ્સની ટીમે પ્રથમ સ્થાન મેળવ્યું.

**કબડ્ડી** - અંડર-17 ગર્લ્સની ટીમે પ્રથમ અને અંડર-14 ગર્લ્સની ટીમે દ્વિતીય સ્થાન મેળવ્યું.

આ સફળતા વિદ્યાર્થીનીઓની મહેનત, શિસ્ત, અને ટીમ વર્ક, તેમજ શિક્ષકોના કાબેલ  સમર્પિત માર્ગદર્શનનું પરિણામ છે. આ સિદ્ધિ બદલ સૌને હાર્દિક અભિનંદન.





## વિવેકાનંદ શાળા માટે ગૌરવની ક્ષણ : જિલ્લા કક્ષાએ વિજયી 37 વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની રમતોમાં !

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત 69મી અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધામાં આપણાં વિવેકાનંદ ઉચ્ચતર બુનિયાદી વિદ્યાલય, વનકુવા હરિત પરિસરના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાએ શાનદાર પ્રદર્શન કરીને રાજ્યકક્ષાની સ્પર્ધામાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું છે.

આ એક ગૌરવની ક્ષણ છે કે અંડર-14, અંડર-17, અને અંડર-19જેવી વિવિધ વય શ્રેણીઓમાં કુલ 37 વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ પોતાની પ્રતિભા દર્શાવશે. આ વિદ્યાર્થીઓ કબડ્ડી, ખો-ખો, લાંબો કૂદકો, ચક્રફેંક, 100, 200 અને 3000 મીટર દોડ તેમજ વોલીબોલ જેવી વિવિધ રમતોમાં ભાગ લેશે.

ભાગ લેનાર અને વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન! સાથે જ, રાજ્યકક્ષાની સ્પર્ધા માટે ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે સૌને હાર્દિક શુભકામનાઓ. આ વિદ્યાર્થીઓને તાલીમ આપનાર શિક્ષકગણનો આશ્રમ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.












વડોદરા ખાતે ચાલી રહેલ ડિસ્ટ્રિક્ટ લેવલ એથ્લેટિક્સ માં આપણી એકલવ્ય શાળાના વિદ્યાર્થીઓએ સુંદર પ્રદર્શન કર્યું છે અને 6 વિદ્યાર્થીઓ એ રાજ્યકક્ષાની રમતોમાં પોતાની ખંત અને સમર્પણથી સ્થાન નિશ્ચિત કરી દીધું છે. ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને વિજેતાઓ ને અભિનંદન અને રાજ્ય કક્ષાની રમતોમાં પણ આ વિજયકૂચ જળવાઈ રહે તેવી શુભેચ્છાઓ !

| EMRS, Maganpura Campus, Muni Seva Ashram<br>Results of District level Athletics, Vadodara | | | | |
|---|---|---|---|---|
| Sr No | Name of the Student | Event | Position | Remarks |
| 1 | Meera Makwana | 600 mt Race | Stood 1st | Qualified for state level games |
| 2 | Bhagyashree | 800 mt Race | Stood 1st | Qualified for state level games |
| 3 | Bhagvati | 1500 mt Race | Stood 1st | Qualified for state level games |
| 4 | Riya solanki | Fast walking | Stood 1st | Qualified for state level games |
| 5 | Mahesh Dhanak | 200 mt Race | Stood 1st | Qualified for state level games |
| 6 | Kishan Malivad | 110 mt hurdles | Stood 1st | Qualified for state level games |
| 7 | Priyansh Rathva | 200 mt Race | Stood 2nd | |
| 8 | Mahesh Dhanak | 100 mt Race | Stood 2nd | |
| 9 | Kishan Malivad | 100 mt Race | Stood 2nd | |
| 10 | Santosh Rathva | 200 mt Race | Stood 2nd | |

## જિલ્લા સ્તરની ખો-ખો સ્પર્ધાઓમાં એકલવ્યની વિદ્યાર્થીનીઓનો ઉત્કૃષ્ટ દેખાવ :

તાજેતરની જિલ્લા સ્તરની ખો-ખો સ્પર્ધાઓમાં આપણી એકલવ્ય સ્કૂલની  ટીમોએ નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે:

અંડર-14 દીકરીઓ : પ્રથમ સ્થાન | 5 ખેલાડીઓ રાજ્ય સ્તરની સ્પર્ધા માટે પસંદ

અંડર-17 દીકરીઓ : પ્રથમ સ્થાન | 5 ખેલાડીઓ રાજ્ય સ્તરની સ્પર્ધા માટે પસંદ (તેમાંથી ધોરણ 10ની 4 કન્યાઓ આગળ ભાગ ન લેવાનો નિર્ણય કર્યો છે.)

અંડર-19 દીકરીઓ : પ્રથમ સ્થાન | 4 ખેલાડીઓ રાજ્ય સ્તરની સ્પર્ધા માટે પસંદ

આ સફળતા બદલ  તમામ દીકરીઓ અને તેમના શિક્ષકોને હાર્દિક અભિનંદન.





# 5 સપ્ટેમ્બર - ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ - શિક્ષક દિન








શિક્ષક દિન એટલે એવા તમામ ગુરુજનોને સમર્પિત દિવસ, જેઓ જ્ઞાન અને સંસ્કારનું સિંચન કરીને વિદ્યાર્થીઓના જીવનને ઉજ્જવળ બનાવે છે. આપણી શાળાઓમાં આ દિવસ ઉત્સાહભેર ઉજવાયો. આ દિવસની સૌથી ખાસ વાત એ હતી કે વિદ્યાર્થીઓએ પોતે શિક્ષકોની ભૂમિકા ભજવી અને માત્ર પાઠ્યપુસ્તકોનું જ્ઞાન જ નહીં, પરંતુ શિક્ષકોની જેમ વર્ગખંડનું સંચાલન, શિસ્ત શિસ્ત જાળવણી અને વિદ્યાર્થીઓને સમજાવવા જેવી કળાનો પણ અનુભવ કરી શિક્ષક બનવાનો આનંદ અને તેની સાથે આવતી જવાબદારી બંનેનો પરિચય કર્યો. આ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓને સમજાયું કે તેમના શિક્ષકો દરેક પાઠ પાછળ કેટલું ધૈર્ય, મહેનત અને પ્રેમ રેડે છે અને આ અનુભવથી વિદ્યાર્થીઓમાં શિક્ષકો પ્રત્યે આદર, કૃતજ્ઞતા અને લાગણી પણ વધી.

## શિક્ષક - જ્ઞાનના પ્રકાશથી અજ્ઞાનના અંધકાર ને દૂર કરનાર પવિત્ર માધ્યમ

પ્રાચીન કાળથી જ  શિક્ષકના પવિત્ર કર્મને ખૂબ ઊંચું સ્થાન મળેલું હતું. ભારતીય જ્ઞાન પરંપરા પ્રમાણે શિક્ષણ એટલે માત્ર પુસ્તકિયું જ્ઞાન આપવું જ નહીં, પરંતુ વિદ્યાર્થીના જીવનનું ઘડતર કરવું, બુદ્ધિને ખીલવવી, મૂલ્યોનો વિકાસ અને સંવર્ધન કરવું અને તેના આત્માને આકાર આપી સુદ્રઢ, સ્વસ્થ અને સંવેદનશીલ સમાજનું નિર્માણ કરવું એ ભૂમિકા હતી આદર્શ શિક્ષકની !

આપણાં ગ્રંથોમાં શિક્ષક દ્વારા અપાતા શિક્ષણના હેતુ, ઊંડાણ અને વિદ્યાર્થી સાથેના જોડાણ અનુસાર છ પ્રકારના શિક્ષકોનું વર્ણન જોવા મળે છે :

**અધ્યાપક:** જેઓ માત્ર પ્રાથમિક તથ્યો અને પાઠો શીખવે એટલે કે શિક્ષણનો પાયો નાખે.

**ઉપાધ્યાય :** આ શિક્ષક માહિતીની સાથે જ્ઞાન પણ આપે જે વિદ્યાર્થીને વિષયની ઊંડી સમજણ વિકસાવવામાં મદદ કરે..

**આચાર્ય :** આચાર્ય પોતાના આચરણ દ્વારા શીખવે. તેઓ જે મૂલ્યો શીખવે છે, તે મુજબ જીવન જીવીને વિદ્યાર્થીઓ માટે ઉદાહરણ પૂરું પાડે.

**પંડિત:** પંડિત એટલે એવા વિદ્વાન કે  જે માત્ર ગોખણપટ્ટીવાળા જ્ઞાનથી પર રહીને ઊંડી સમજણ આપે, વિદ્યાર્થીમાં વિવેચનાત્મક વિચારશક્તિ કેળવે.

**દ્રષ્ટા:** એટલે કે દ્રષ્ટિવાન શિક્ષક - જે વિદ્યાર્થીઓને સ્વતંત્ર રીતે વિચારવા અને તેમની દ્રષ્ટિને વિશાળ બનાવવા માટે પ્રેરણા આપે.

**ગુરુ :** ગુરુ એ શિક્ષકનું સર્વોચ્ચ સ્વરૂપ રહેતું તેઓ જ્ઞાન પ્રદાતાની સાથે સાથે આધ્યાત્મિક માર્ગદર્શક પણ રહેતા જે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને વિદ્યાર્થીની અંદર રહેલા જ્ઞાનને ઉજાગર કરતા.

આમ પ્રાચીન ભારતીય પરંપરામાં શિક્ષણ માત્ર જ્ઞાનનાં આદાનપ્રદાન  કે ડિગ્રીના પ્રમાણપત્ર સુધી સીમિત ન રહેતા એક એવી યાત્રા હતી જે અંતે આત્મજ્ઞાન તરફ દોરી જાય. મુનિ સેવા આશ્રમ,એ દરેક શિક્ષક - જે અધ્યાપક તરીકે આપણી યાત્રા શરૂ કરાવવાથી માંડી ને ગુરુ તરીકે આપણને કલ્યાણના માર્ગે દોરી જાય છે, તેમના પ્રત્યે કૃતજ્ઞ છે.

## NCC ના સહયોગથી જવાબદાર નાગરિકોનું ઘડતર :



નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) યુવા વિદ્યાર્થીઓને શિસ્ત, નેતૃત્વ અને રાષ્ટ્રપ્રેમ ળવવાની ઉત્તમ તક પૂરી પાડે છે. આમાં વિંગમાં જોડાવાથી કેડેટ્સને સૈન્ય-શૈલીની તાલીમ, સાહસિક પ્રવૃત્તિઓ અને સામાજિક સેવાઓનો અનુભવ મળે છે, સાથે સાથે તેમનામાં આત્મવિશ્વાસ અને ટીમ વર્કનો પણ વિકાસ થાય છે.

આપ સૌને એ જાણીને આનંદ થશે કે આપણી મગનપુરા પરિસર ખાતે આવેલી એકલવ્ય શાળામાં NCC આર્મી વિંગ યુનિટ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. શાળાને 50 જુનિયર ડિવિઝન કેડેટ્સ સાથે શરૂઆત કરવાની મંજૂરી મળી ગઈ તેનાં પ્રથમ દિવસે જ ધોરણ 8 ના 25 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રવેશ લીધો, જેમાં 15 દીકરાઓ અને 10 દીકરીઓનો સમાવેશ થાય છે. બાકીના 25 વિદ્યાર્થીઓ આવતા વર્ષે જોડાશે, જેનાથી મંજૂર થયેલ 50 કેડેટ્સની સંખ્યા પૂર્ણ થશે અને તેઓ NCC તાલીમનો લાભ મેળવી શકશે. આપણી શાળા સાથે આ જોડાણથી ચેરમેન ડો. વિક્રમ પટેલ અને ટ્રસ્ટીગણનું વર્ષોથી સજાવેલું સ્વપ્ન પૂરું થયું છે.

આ કાર્યક્રમના ભાગ રૂપે, કેડેટ્સ પરેડ ડ્રિલ, શારીરિક તંદુરસ્તી તાલીમ, બેઝિક હથિયારનું સંચાલન અને કેમ્પ જેવા અભ્યાસક્રમોમાં ભાગ લેશે, જે તેમનામાં હિંમત, શિસ્ત અને જવાબદારીની ભાવના કેળવવા માટે તૈયાર કરવામાં આવેલ હોય છે. તેમના આ પ્રયત્નોના સન્માનમાં, કેડેટ્સ પ્રતિષ્ઠિત NCC પ્રમાણપત્રો મેળવી શકે છે જે વ્યક્તિત્વ વિકાસમાં વધારો તો કરે જ છે, પરંતુ ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીની તકો, ખાસ કરીને સશસ્ત્ર દળો અને સરકારી સેવાઓમાં, મૂલ્યવાન લાભ પણ પૂરો પાડે છે.

આમ, NCC આર્મી વિંગમાં જોડાણ ફક્ત તાલીમ સુધી જ સીમિત ન રહેતા વિદ્યાર્થીને શિસ્ત, દેશભક્તિ અને આત્મ-વિકાસની એક સુંદર યાત્રા પર લઇ જાય છે.



## જ્ઞાન - વહેંચવાથી વધે : પ્રેરણાદાયી શૈક્ષણિક મુલાકાત



Parul® University NAAC GRADE A++

Letter no: PIPH/[illegible]/2025/8/117 Date: 23/8/25

To
The Superintendent
Kailash Cancer Hospital
Goraj, Gujarat

Subject: Request for Permission to Organize a Student Visit to Kailash Cancer Hospital on 29 August 2025

Dear Sir/Madam,

On behalf of the institute, I kindly seek your permission to organize an educational visit to your esteemed hospital on Friday, 29th August 2025, at 10:00 AM, with a group of approximately 45 postgraduate students (Master of Public Health and Master of Hospital Administration).

The purpose of this visit is to provide our students with valuable insights into:

1. The integration of advanced cancer care, including research activities, with government schemes and grants.
2. Community outreach and preventive initiatives undertaken by your institution.
3. Key administrative and operational aspects of managing a specialized cancer care facility.

We believe that this exposure will greatly enrich our students' academic and professional learning. We would be grateful if you could kindly grant us permission for this visit.

Thank you for considering our request.

Best regards,

Dr. Parthasarathi Ganguly
Director
Parul Institute of Public Health
Parul University

Parul Institute of Public Health
Faculty of Medicine

+91-2668-260300 | piphpublichealth@paruluniversity.ac.in | PO Limda, Tal. Waghodia, Vadodara - 391760, Gujarat, India.
www.paruluniversity.ac.in

તાજેતરમાં પારુલ યુનિવર્સિટીના MPH અને MHA કાર્યક્રમોના વિદ્યાર્થીઓએ આપણી કૈલાશ કેન્સર હોસ્પિટલની શૈક્ષણિક મુલાકાત લઇ દર્દીની સંભાળ માટે સરકારી યોજનાઓને જોડવાથી લઈને આપણાં સમુદાયિક સેવા કાર્યક્રમો સુધીની કામગીરી વિશે માહિતી મેળવી.



આશા છે કે આ મુલાકાતથી સ્વાસ્થ્યક્ષેત્રના આશાસ્પદ વિદ્યાર્થીઓને કેન્સરની સારવાર અને જાહેર આરોગ્ય વહીવટમાં મૂલ્યવાન, વાસ્તવિક અનુભવ મળ્યો હશે.

મુનિ સેવા આશ્રમ એટલે મારુ બીજું ઘર અને હું, હાર્દિક પેથાણી, બાયોમેડિકલ એન્જિનિયર તરીકે 2017 થી કૈલાશ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર, મુનિ સેવા આશ્રમમાં ફરજ બજાવું છું. સૌરાષ્ટ્રના એક નાના ગામના ખેડૂત પરિવારમાંથી આવતા મને પ્રકૃતિપ્રેમ અને લોકોની શક્ય એટલી મદદ કરવાનો ભાવ ગળથુથીમાં જ મળ્યા.

લો ઓફ એટ્રેકશનમાં મારો દ્રઢ વિશ્વાસ છે કે તમે જે વસ્તુની સતત કામના કરો છો, તે તમને મોડે-વહેલે ચોક્કસ મળે છે. મારી નોકરીની પસંદગી પણ આ જ રીતે થઇ હતી. જ્યારે હું પહેલીવાર આશ્રમ આવ્યો, ત્યારે મને આ જગ્યા કે તેના ઉદ્દેશ્ય વિશે કોઈ જાણ નહોતી. પણ અહીંનું શાંત અને સુંદર વાતાવરણ, ઘટાદાર વૃક્ષો અને નદીનો કિનારો જોઈને હું તરત જ આકર્ષાઈ ગયો. આસપાસની શાંતિ અને પ્રકૃતિની સુંદરતા મારા માટે જાણે એક અણધારી ભેટ હતી.

મેં ઘણી હોસ્પિટલો જોઈ છે, પણ અહીંની હોસ્પિટલનું વાતાવરણ સંપૂર્ણપણે અલગ છે. અહીં ભય કે અકળામણ જેવું કંઈ નથી. વિશાળ જગ્યા અને આધુનિક સુવિધાઓ સાથેનું બાંધકામ અને સ્વચ્છતા એવી કે  હોસ્પિટલ જેવું ન લાગે.

સમય જતાં, મને આશ્રમ, તેના  સંસ્થાપક પૂજ્ય શ્રી અનુબેન ઠક્કર અને સંચાલક ડો. વિક્રમ પટેલ સર વિશે જાણવા મળ્યું. મને સમજાયું કે હોસ્પિટલ તો આશ્રમના અનેક વિભાગોમાંથી માત્ર એક છે. આશ્રમમાં શિક્ષણ, કૃષિ, ગૌશાળા, ભગિની મંદિર, સૌર અને વૈકલ્પિક ઉર્જા સ્રોત, વાનપ્રસ્થ આશ્રમ  જેવા અનેક સેવાકાર્યો ચાલે છે. આ બધા વિશે જાણ્યા પછી આ જગ્યા માટેનું મારું માન અને પ્રેમ અનેકગણો વધી ગયો અને આવા ભવ્ય સંસ્થાનનો ભાગ હોવાનો ગર્વ કાયમ રહ્યો .

મારી ફરજ હોસ્પિટલના મેડિકલ સાધનોની જાળવણીની છે, અને અહીં હંમેશા અત્યાધુનિક અને દર્દીઓ માટે શ્રેષ્ઠ સાધનોની પસંદગી કરવામાં આવે છે, જે તેમના માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે. અહીંના ઘણાં ઉપકરણો રાજ્ય અથવા દેશમાં સર્વપ્રથમ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. સંસાધનોની પસંદગી વખતે મેં હંમેશા " દર્દીહિત સર્વોપરી" નો નિયમ જ લાગુ થતા જોયો છે. આ ઉપરાંત  કેન્સરના દર્દીઓ અને તેમના સગાં-સંબંધીઓ માટે રહેવા અને જમવાની ઉત્તમ સુવિધા પણ અહીં ઉપલબ્ધ છે જે દર્દીઓને ઘણી રાહત આપે છે.

અનુબેનની નાનકડી ઝૂંપડીમાંથી શરુ થયેલી યાત્રા આ વિશાળ આશ્રમ સુધી કેવી રીતે પહોંચી હશે એ વિચાર મને હંમેશા અદ્ભુત લાગે છે. તેમના દેહત્યાગ  પછી ડો. વિક્રમ પટેલ સરે આ આશ્રમનું મુખ્ય સંચાલન સંભાળ્યું. તેમનું સમર્પણ, સાદગી અને ત્યાગભાવ અજોડ છે. એક ડૉક્ટર તરીકે વૈભવી જીવન જીવી શકતા હોવા છતાં, તેમણે આખું જીવન આશ્રમની સેવા માટે સમર્પિત કરી દીધું. ભાગવત ગીતાના કર્મયોગીની જેમ તેઓ હંમેશા ફળની ચિંતા કર્યા વિના સેવા આપે છે. તેમની જીવનશૈલી અને વિચારો આજે પણ મારા સહીત અનેક લોકોને પ્રેરણા આપે છે. જેટલો સુંદર આ આશ્રમ વર્તમાન માં છે એથી પણ સુંદર એના ભૂતકાળ ની વાતો ને એની શરૂઆત ના કિસ્સાઓ છે. જે હજુ પણ અહીં ના લોકો ના મોઢે થી ખુબ સાંભળવા મળે છે. અને મારી જેમ જ આસપાસ ના લોકો પણ એટલા જ ગર્વ થી વર્ષો થી આશ્રમ સાથે હજુ પણ કાર્યરત છે.



મુનિ સેવા આશ્રમ મારા માટે માત્ર એક નોકરીની જગ્યા નથી, પરંતુ મારું બીજું ઘર છે. અહીં સેવાની તકોના ખજાનાએ મને આ જગ્યા સાથે કાયમ માટે જોડી દીધો છે. દર્દી, વૃદ્ધ, બાળકો, પશુ-પંખી કે શિક્ષણ - અહીં દરેક ક્ષેત્રમાં સેવા કરવાનો અવસર મળે છે. હું ઈશ્વરનો આભારી છું કે મને નાની ઉંમરે જ આવી સુંદર જગ્યાએ જોડાવાનો મોકો મળ્યો, અને હું જીવનભર અહીં જોડાયેલ રહેવાની કામના રાખું છું.

આભાર, અનુસંધાન, મારા મનની વાત સૌ સમક્ષ મુકવાની તક આપવા બદલ,

જય શ્રી કૃષ્ણ.

હાર્દિક પેથાણી.

“

**સદ્કાર્ય માટે દિવસ રાતનાં ચોઘડિયા કે હોરાનાં કોષ્ટક ફેંદવાની જરૂર નથી હોતી.**
**આપણી પાસે જે હોય તેની ચાંગળુંક - ચપટી, પ્રેમ અને આદર સહીત અન્યને આપવું**
**એ માનવતાના વટવૃક્ષ માટેનું ઉત્તમ ખાતર સાબિત થાય છે.**
**માનવતા જેટલી એ ખાતરથી મ્હોરશે એટલું જ આપણું જીવન આ જગ સંસારે મહેકશે,**
**પરસ્પર લાગણીનાં ગુણાકાર થતા રહેશે અને પરમેશ્વરને પ્રિય વિશ્વ રચાતું જશે.**

## નર્સિંગ રિસર્ચ અને બાયોસ્ટેટિસ્ટિક્સ પર વર્કશોપ

મુનિ સેવા આશ્રમ સંચાલિત ઇન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગ દ્વારા KPGU ના સહયોગથી ચોથા વર્ષના બી.એસસી. નર્સિંગ વિદ્યાર્થીઓ માટે નર્સિંગ રિસર્ચ અને બાયોસ્ટેટિસ્ટિક્સ પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. વર્કશોપ દરમ્યાન મળેલાં મૂલ્યવાન માર્ગદર્શન બદલ નર્સિંગ - બાળસ્વાસ્થ્ય વિભાગનાં શ્રીમતી પ્રિયંકાબેન અને ગણિત વિભાગનાં શ્રીમતી ફોરમ શાહનો વિશેષ આભાર.







## પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓ વિરુદ્ધ ડિજિટલ શિક્ષણ પદ્ધતિઓ પર ચર્ચા




આપણાં નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટમાં "પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓ વિરુદ્ધ ડિજિટલ શિક્ષણ પદ્ધતિઓ" વિષય પર એક રોચક ચર્ચાસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમથી નર્સીંગના વિદ્યાર્થીઓને આજની દુનિયામાં શિક્ષણ કેવી રીતે વિકસી રહ્યું છે તેનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરી પોતાના વિચારો રજૂ કરવા માટે એક મંચ મળ્યો.



આ ચર્ચામાં બે વરિષ્ઠ બેચના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બી.એસસી. નર્સિંગના 5ત્રીજા વર્ષ (5મા સેમેસ્ટર)ના વિદ્યાર્થીઓએ ડિજિટલ શિક્ષણ પદ્ધતિઓનો પક્ષ લીધો અને આધુનિક શિક્ષણના ફાયદાઓ જેવા કે સુગમતા, સરળ ઉપલબ્ધતા અને ટેકનોલોજી-આધારિત સુવિધાઓ પર ભાર મૂક્યો. જ્યારે, બી.એસસી. નર્સિંગના ચોથા વર્ષના વિદ્યાર્થીઓએ પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓનો પક્ષ રજૂ કર્યો. તેમણે રુબરુ શિક્ષણથી મળતા વ્યક્તિગત સંવાદ, શિસ્ત અને વિષયની ઊંડાણપૂર્વકની સમજણ પર ભાર મૂક્યો.



બંને ટીમોએ રસપ્રદ સંશોધન દ્વારા પોતાના મુદ્દાઓ રજૂ કર્યા અને વિચારોનું આદાનપ્રદાન કર્યું જે બધા સહભાગીઓ અને શ્રોતાઓ માટે ખૂબ જ જ્ઞાનવર્ધક રહ્યું. ડૉ. દીપક કપૂર, જેઓ આ ચર્ચાના નિર્ણાયક હતા, તેમણે કાળજીપૂર્વક મૂલ્યાંકન કર્યા બાદ પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓનો પક્ષ રજૂ કરનાર ટીમને વિજેતા જાહેર કરી.

આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓની વિવેચનાત્મક વિચારસરણી અને જાહેરમાં બોલવાની ક્ષમતામાં તો વધારો થયો જ, પરંતુ નર્સિંગ ક્ષેત્રે શિક્ષણના ભાવિ અંગે પણ મહત્વપૂર્ણ ચર્ચા થઈ.

## નર્સિંગ વિદ્યાર્થીઓએ ડાયાબિટીસ વર્કશોપમાં ભાગ લીધો

આપણાં બી.એસસી. નર્સિંગના ચોથા સેમિસ્ટરનાં વિદ્યાર્થીઓએ CVM નર્સિંગ કોલેજ, આણંદ ખાતે યોજાયેલા "ડાયાબિટીસ સંભાળ અને શિક્ષણ નો સંકલિત અભિગમ" વિષયક વર્કશોપમાં ભાગ લીધો. આ સત્રમાં ડાયાબિટીસની સર્વાંગી સંભાળ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું જેમાં ખાસ કરીને નિવારણ માટે અગમચેતી રૂપ પગલાં , દર્દી પ્રશિક્ષણ અને ટીમવર્ક પર ભાર મુકવામાં આવ્યો હતો.



## અંગદાન વિષયક જાગૃતિ કાર્યક્રમ

આપણા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના GNM - ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ જમનાબાઈ જનરલ હોસ્પિટલ, વડોદરા ખાતે અંગદાન અંગે વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજ્યાં જે અંતર્ગત રેલી, પેમ્ફલેટ વિતરણ, પોસ્ટર પ્રદર્શન અને નાટકનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પહેલનો મુખ્ય હેતુ અંગદાનની અગત્યતા ઉજાગર કરવાનો હતો. આ પ્રયાસોથી વિદ્યાર્થીઓએ કંઈકેટલાંય દર્દીઓને જીવનદાન આપી શકતા અંગદાન વિષે જાગૃતિ ફેલાવી, ભ્રમણાઓ દૂર કરી અને સમાજને અંગદાનને જીવનનાં સર્વોત્તમ દાન તરીકે સ્વીકારવા પ્રેરિત કર્યો.







## રક્તદાન મહાદાન

બ્રહ્માકુમારીઝ સંગઠન ખાતે વિશ્વ બંધુત્વ દિવસ નિમિત્તે તેમનાં વાસણા રોડ, વડોદરા ખાતેનાં સેન્ટર પર રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ ઉમદા પહેલને શક્ય બનાવવા બદલ તમામ દાતાઓ અને આયોજકોનો હૃદયપૂર્વક આભાર.





## સામાજિક દુષણ “ઘરેલુ હિંસા” પર જાગૃતિ કાર્યક્રમ બાદ VTCના વિદ્યાર્થીઓએ આ વિષયક નાટક ભજવ્યું

આપણાં વોકેશનલ ટ્રેઇનિંગ સેન્ટર ( VTC ) ખાતે વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી તાલીમની સાથે સાથે સદાચારી જીવનલક્ષી મૂલ્યો તથા કૌશલ્યો અને સાંપ્રત સમસ્યાઓ તેમજ તેનાં નિષેધાત્મક પગલાંઓ - જેવા વિવિધ વિષયો પર પણ જાણકારી આપી તેમનાં સર્વાંગી વિકાસના પ્રયત્નો અવિરત ચાલુ જ હોય છે.

તાજેતરમાં જ વિદ્યાર્થીઓને ઘરેલુ હિંસાના વિવિધ પ્રકારો વિષે જાણકારી આપી અને વિદ્યાર્થીઓ એ પણ વિષયોચિત નાટ્યઅભિવ્યક્તિ કરી





## અવનવી વાનગી - અવનવો સ્વાદ, એ જ પ્રેમ - એ જ આનંદ !

**આપણા ભગિની મંદિરની ભગિનીઓએ વરસાદી વાતાવરણમાં સ્વાદિષ્ટ મકાઈ ચાટ અને ગુલાબનું શરબત વાળું પૌષ્ટિક દૂધ બનાવતા શીખ્યું. અને પછી સાથે બેસી જ્યાફત માણી.**






## કૈલાસ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર (KCHRC) ખાતે સૌર ઊર્જા સંચાલિત એર-કન્ડિશનિંગ :



થોડાક મહિનાઓ પહેલા એટલે કે માર્ચ 2025માં RCBP-મુંબઈનાં પ્રમુખ શ્રીમતી નૂપુરબેન દેસાઇ, પૂર્વ પ્રમુખ શ્રી સુહિતભાઈ ઝવેરી અને તેમના કેટલાક મિત્રો મુનિ સેવા આશ્રમની મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાત આપણાં ટ્રસ્ટી શ્રી પ્રદીપભાઇ શ્રોફ - જેઓ રોટરીના પ્રયાસો દ્વારા આશ્રમને સહયોગ આપતા રહ્યા છે, તેમના પ્રયત્નો દ્વારા શક્ય બની હતી.

આ મુલાકાત દરમિયાન, આપણે તેમને જાણ કરી હતી કે આપણી કૈલાસ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર (KCHRC)ના વીજળી બિલમાં મોટો હિસ્સો એરકંડીશનીંગનો હોય છે. આ સમસ્યાના નિવારણ માટે, આશ્રમે સોલર થર્મલ એર-કન્ડિશનિંગ અપનાવવાનો પ્રસ્તાવ મૂક્યો. આપણે અગાઉ પણ એક શેફલર ડિશ-આધારિત સિસ્ટમ 15 વર્ષ સુધી સફળતાપૂર્વક ચલાવી હતી, અને હવે આપણે તેનાથી બમણી કાર્યક્ષમતા, ઓછી જગ્યા અને 25 વર્ષથી વધુની આવરદા ધરાવતી અધતન BIGDISH કન્સન્ટ્રેટર સિસ્ટમ સ્થાપિત કરવાની યોજના બનાવી રહ્યા છીએ.




આપ સૌને જાણ કરતા અમને આનંદ થાય છે કે RCBP-મુંબઈ દ્વારા સુવિધાજનક CSR સહયોગ મળવાથી, આ પ્રોજેક્ટ આગળ વધ્યો છે. 3જી સપ્ટેમ્બર, 2025 ના રોજ, RCBP-મુંબઈ એ એક BIGDISH યુનિટના સપ્લાય માટે સનરાઇઝ સીએસપી ઇન્ડિયાને ઓર્ડર આપેલ છે જે લગભગ એક મહિનામાં મળવાની અપેક્ષા છે.

આ સ્વચ્છ ઊર્જા સિસ્ટમ માત્ર વીજળીના ખર્ચમાં ઘટાડો જ નહીં કરે, પરંતુ KCHRC માટે શાંત, ઓછા મેઇન્ટેનન્સવાળી અને પર્યાવરણને અનુકૂળ ઠંડક પણ પૂરી પાડશે, જે ઉત્કૃષ્ટ આરોગ્ય સંભાળ માટે મુનિ સેવા આશ્રમની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવશે.

આ આપણું હરિયાળા અને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ ભવિષ્ય તરફ વધુ એક કદમ સાબિત થશે જે બદલ આશ્રમ RCBP-મુંબઇ અને તમામ શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.



**“**

**સ્વાર્થ મનુષ્યની દિવ્યતાનો લોપ કરે છે. ઈશ્વર ને આત્મસમર્પણ સાથે સંયમ અને મર્યાદાનું પાલન કરી નિસ્વાર્થ સેવા કરતાં રહેવાથી સાચો આનંદ અને આંતરિક પ્રસન્નતા પ્રાપ્ત થાય છે જે આત્મશુદ્ધિ કરી આત્મબળમાં હજાર ગણી વૃદ્ધિ કરે છે, અને એકલ માનવી દસ હજાર મનુષ્ય જેટલાં શક્તિશાળી બની જાય છે.**

**આવાં આત્મબળથી ઉભેલ એક માણસ જાણે બહુમતી સાબિત થાય છે.**

## યૂં હી...

**"યું હી" નામની આ શ્રેણી, મૂળ તો અંગ્રેજી ભાષામાં રચાઈ છે, તેનો ગુજરાતી ભાવાનુવાદ આપ સમક્ષ રજૂ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.**

**અહીં, આ શ્રેણીનાં અગાઉના બે અને આ વખતનો ત્રીજો, એમ કુલ ત્રણ પ્રકરણ રજૂ કરવામાં આવ્યા છે. અમને આશા છે કે શ્રદ્ધા, સ્નેહ,સમર્પણ,સેવા અને સહયોગની આ વિરલ ગાથા સહુનાં જીવનમાં પ્રેરણાનો પ્રકાશ પૂરશે.**

**તો વાંચો ......**




કોઈ પણ નવા સર્જનને યોગ્ય નામ આપવું થોડુંક કપરું કામ હોય છે. જેમ નવજાત શિશુના માતા-પિતા માટે નામકરણ એક અવર્ણનીય મીઠો સંઘર્ષ હોય છે, તેમ મારી સાથે પણ કંઈક આવું જ થયું. જ્યારે મેં મુનિ સેવા આશ્રમના મુખપત્ર 'અનુસંધાન'ની એક કૉલમ માટે મારા વિચારો, લાગણીઓ અને ઇતિહાસના પ્રસંગોને ગૂંથીને એક તાંતણે બાંધવાનું વિચાર્યું, ત્યારે મનમાં અનેક શીર્ષકો ઘૂમરાયાં. પણ કોઈ નામ જચતું નહોતું . અને અચાનક, મનની ઊંડી ગલીમાં એક ઝબકારો થયો. 'યુરેકા!'...અને જન્મ થયો આ કથાશ્રેણીના શીર્ષકનો: "**યું હી**"! આ નામ માત્ર શબ્દ નથી, પણ સાહિર લુધિયાનવીની અમર કવિતા "કભી ક ભી"ની ભાવનાને અર્પણ કરેલી સ્મરણાંજલિ છે. આ કવિતાનો અંત "મગર યું હી, કભી કભી મેરે દિલ મેં ખયાલ આતા હૈ" સાથે થાય છે, અને આ જ ભાવના મારી આ કથાનો આધાર બની.

આ કથાનો મુખ્ય આધાર **ડૉ. વિક્રમ પટેલની સ્મૃતિઓ** છે, જે કોઈ સમયરેખામાં બંધાયેલી નથી. તે સવારના નાસ્તાના ટેબલ પર થયેલી અનૌપચારિક વાતોમાંથી વીણેલા મોતી સમાન છે. મારું આલેખન એક નાનકડી ઝૂંપડીમાં રોપાયેલા સેવાના બીજથી શરૂ થઈને આજના મુનિ સેવા આશ્રમના વિશાળ વટવૃક્ષ સુધીની અદ્ભૂત યાત્રાને દર્શાવવાનો એક નમ્ર પ્રયાસ છે. **કદાચ વાર્તાના પ્રસંગો સમયના ક્રમમાં ન પણ હોય, પણ તેમાં આશ્રમનાં આત્માનો અવાજ ચોક્કસ ગૂંજશે.**



પૂજ્ય શ્રી મુનિ મહારાજ, એક વિચરતા સાધુ, જેમનું જીવન રહસ્યમય હતું. સિત્તેરના દાયકામાં તેમનો ભૂતકાળ, તેમની ઓળખ, ક્યાંથી આવ્યા, શા માટે આવ્યા – આ પ્રશ્નોના ઉત્તર કોઈની પાસે નહોતા. **સંન્યાસી માટે ભૂતકાળનું કોઈ અસ્તિત્વ નથી હોતું , અને મુનિ મહારાજે પણ આ જ માર્ગ અપનાવ્યો હતો**. તેઓ મોટાભાગે સાણંદમાં રહેતા, અને ક્યારેક ધ્યાન કરવા માટે ગોરજ કે રમણ ગામડી પધારતા. સતત બાર વર્ષના મૌન વ્રતને કારણે લોકોએ તેમને "મૌનિ મહારાજ" નામ આપ્યું હતું, જે કદાચ સમય જતાં અપભ્રંશ થઇ "મુનિ મહારાજ" તરીકે ઓળખાયું. **આ જ સમયે, બીજી એક યાત્રાનો પ્રારંભ થઈ રહ્યો હતો – પૂજ્ય શ્રી અનૂબેનની આત્મખોજની.**

અનૂબેનનો પરિવાર કચ્છના રજવાડામાં સુખેથી રહેતો હતો. તેમના પિતા મહારાજાના કસ્ટમ્સ ઓફિસર હતા. પરંતુ દેશના ભાગલા અને રજવાડાઓના વિલીનીકરણ બાદ, તેમનું જીવન પલટાઈ ગયું. નોકરી ગુમાવતા તેઓ સાણંદ આવ્યા, જ્યાં તેમણે પરિવહનનો વ્યવસાય શરૂ કર્યો. અનૂબેનનો અભ્યાસ માત્ર સાતમા ધોરણ સુધી જ થયો હતો. ત્યારબાદ તેમણે 'વર્નાક્યુલર ફાઇનલ'ની પરીક્ષા પાસ કરી, જેણે તેમને પ્રાથમિક શિક્ષિકા તરીકે લાયક બનાવ્યાં. શિક્ષણ પ્રત્યે તેમનો પ્રેમ અસીમ હતો, છતાં તેમાં તેમને પરિપૂર્ણતા નહોતી મળતી. **તેમનું મન હંમેશા ભૌતિક જગતથી પર કોઈક અજાણ્યા માર્ગની શોધમાં રહેતું. અને આમ, તેમની 'અનંતની શોધ' શરૂ થઈ.**



સંન્યાસની દીક્ષા લેવા માટે ગુરુની જરૂર પડે. અનૂબેન રામકૃષ્ણ મિશન ગયા, પણ સ્નાતક ન હોવાને કારણે તેમને પ્રવેશ ન મળ્યો. આ નિષ્ફળતાથી વ્યથિત થઈ, તેમણે સાણંદમાં તેમના ગુરુ મુનિ મહારાજ સમક્ષ હૈયું ઠાલવ્યું. મહારાજે તેમને સમજાવ્યું કે સંન્યાસિની કરતાં તેઓ એક પ્રશિક્ષિત શિક્ષિકા તરીકે સમાજ માટે વધુ ઉપયોગી સાબિત થશે અને અનૂબેનને ગોરજ અથવા રમણ ગામડીમાંથી એક સ્થળ પસંદ કરવાનો વિકલ્પ આપ્યો.

**ભાગ્યની કલમ લખાઈ ચૂકી હતી, અને અનૂબેનની નિયતિ તેમને ગોરજ ભણી દોરી ગઈ.**

## ભાગ્ય માત્ર દિશા બતાવે છે, પરંતુ માર્ગ તો પુરુષાર્થથી જ કંડારાય છે.



ડૉ. ગોકળ પટેલ અને ગોરજ - જાણે એક સિક્કાની બે બાજુ. નાનકડાં ગામડામાંથી આવતાં હોવા છતાં , તેમણે વડોદરામાં અસાધારણ સફળતા પ્રાપ્ત કરી હતી. શહેર ભૌતિક સુખસંપત્તિ આપતું હતું, પણ હૈયું હંમેશા ગોરજમાં જ વસેલું હતું. અહીં તેમણે પોતાના ખેતરમાં એક ગ્રામ્ય સ્વર્ગનું નિર્માણ કર્યું હતું. ગોરજમાં તે ખાસ સન્માનનીય વ્યક્તિ હતા અને સપ્તાહના અંતે તેઓ આ ખેતરમાં ગ્રામજનો સાથે સમય વિતાવતા. ડો ગોકળ પટેલ મુનિ મહારાજ પ્રત્યે ઊંડો આદર ધરાવતા, અને તેમના માટે એક સાદી ઝૂંપડી બનાવી હતી જેથી મહારાજ જ્યારે પણ ગામમાં પધારે ત્યારે ધ્યાનસાધના માટે તેનો ઉપયોગ કરી શકે.

મુનિ મહારાજે અનૂબેનને આ ઝૂંપડીનો ઉપયોગ સ્વ - શોધન સારું કરવા કહ્યું. ઝૂંપડી સાદી અને આરામદાયક હતી, **પણ આત્મ-ખોજ કરનારાઓ માટે આરામ પણ ગૂંગળામણ સમાન હોય છે.** અનુબેન સમક્ષ એક મોટો ઉદ્દેશ્ય સ્પષ્ટ હતો જેને માટે તેમણે ખેતરનો આશ્રય છોડવાનું નક્કી કર્યું. જે સ્થળે આજે આશ્રમની આસપાસ આપણે એક સુસંસ્કૃત વસાહત જોઈએ છીએ, તે સમયે તે ચોર - લૂંટારા અને ડાકુઓની વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું કુખ્યાત ક્ષેત્ર હતું. આવા ભયંકર સ્થળે એકલી યુવતીનું રહેવું અત્યંત જોખમી હતું. આ કપરા સમયે, શ્રી પુંજાભાઈ પરમાર દેવદૂત બનીને આવ્યા. તેમણે અનૂબેનને બાજરીના પૂળાથી એક ઝૂંપડી બનાવવામાં મદદ કરી અને સાથે દોલીબેન નામક મહિલાને અનૂબેનની સાથી બનવા પણ સમજાવ્યા જેથી તેઓ એકલા ન રહે. **આ ઝૂંપડીરૂપી નાનકડું બીજ જ આગળ જતાં મુનિ સેવા આશ્રમના વિશાળ વટવૃક્ષ તરીકે ખીલવાનું હતું**.




**અંધારે કદરૂપા મૂળ**
**જેના પ્રતાપે, ખીલે દર શાખે , રંગબેરંગી સુગંધિત ફૂલ**
**વત્તા ઓછા મોલ કરીને ન કરીએ કોઈ ભૂલ !**
**પાયાના પથ્થરોને પ્રતાપે ઝળહળે છે શિખર કળશ**
**પ્રથમ પૂજનીય તે સર્વે , તેમને પ્રથમ જાય આ યશ !**

લગભગ ૧૯૭૮ની વાત છે. પૂજ્ય શ્રી અનૂબેને ગોરજ આસપાસના વિસ્તારોમાં સેવાકાર્ય શરૂ કર્યું. આ સમય દરમિયાન તેઓ મુનિ મહારાજ માટે બનેલી ઝૂંપડીમાં રહેતા. જોકે, આરામ હોવા છતાં, તેમને તે જગ્યા ગૂંગળામણભરી લાગતી. રોજબરોજનું સંચાલન એક ટ્રસ્ટ દ્વારા થતું, જેની સ્થાપના મુનિ મહારાજના અનુનાયીઓ એ કરી હતી. શિયાળાની એક ઠંડી સવારે, અનૂબેન મહારાજ સાથે પોતાના રોજબરોજના કાર્યમાં પડતી મુશ્કેલીઓ વિશે વાત કરી રહ્યા હતા. મહારાજની સામે ટ્રસ્ટના કાગળોનો ઢગલો પડ્યો હતો. **અચાનક પવનનો એક જોરદાર સુસવાટો આવ્યો અને બધા કાગળો ઉડી ગયા. મહારાજે આને એક સંકેત ગણી ટિપ્પણી કરી કે જે રીતે પવન આ કાગળોને ઉડાડી ગયો, તેમ જ આ ટ્રસ્ટ પણ જતું રહેશે.** તેમણે અનૂબેનને પોતાના ઉદ્દેશ્યો પ્રમાણે કામ કરી શકે તેવું નવું ટ્રસ્ટ સ્થાપવાની સૂચના આપી. **અને આ સૂચન તારીખ ૪ માર્ચ, ૧૯૮૦ના રોજ મુનિ સેવા આશ્રમ ટ્રસ્ટની સ્થાપનામાં પરિણમ્યું.**

સર્વ શ્રી પુંજાભાઈ પરમાર, વિઠ્ઠલભાઈ પરમાર, ઈસાકભાઈ ચીનવાલા, સોમાભાઈ સોલંકી, લક્ષ્મણભાઈ પરમાર, ચંદુભાઈ પરમાર, અનૂબેન, બચ્ચુખાન શેખ અને પરીખભાઈ – **આ નવ ટ્રસ્ટીઓએ સમષ્ટિને શ્રેયસ્કર સ્વપ્નને વાસ્તવિકતામાં ફેરવવાનું બીડું ઉઠાવ્યું.**

શરૂઆતમાં એક ઓરડો બનાવવામાં આવ્યો, જે દિવસે બાળકો માટે પ્રવૃત્તિ કેન્દ્ર બનતો અને રાત્રે અનૂબેનનું ઘર. ત્યારબાદ વધુ બે ઓરડા બન્યા, જેમાંનો એક રસોડું બન્યો. દેવ નદીના કિનારે ઘાસ અને પરાળથી છવાયેલી માટીની ચાર ઝૂંપડીઓ તૈયાર થઈ. પાછળથી બાથરૂમ પણ બન્યું, જેમાં ઓવરહેડ ટાંકી હતી, પણ તેમાં પાણી ભરવા માટે નદીમાંથી ડોલ વડે પાણી લાવવું પડતું!



દાઉદી વ્હોરા સિવિલ કોન્ટ્રાક્ટર ઈસાકભાઈ ચીનવાલા, તેમના ભાગીદાર શ્રી બાલ્દીવાલા અને વાઘોડિયાની એક શાળાના આચાર્ય શ્રી મહેન્દ્રભાઈ શાહ – આ ત્રણેય આધારસ્તંભ સમાન વ્યક્તિઓએ આશ્રમનું પાલન-પોષણ કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો.

ઈસાક ચીનવાલાના સૌજન્યથી, ડૉ. મહેબૂબ કાપડિયા દર રવિવારે સ્વૈચ્છિક તબીબી સેવા આપવા આશ્રમની મુલાકાત લેતા. તેઓ MBBSનો અભ્યાસ પૂર્ણ કરી ઇન્ટર્નશીપ કરી રહ્યા હતા. તેમના મનમાં હંમેશા એક પ્રશ્ન સતાવતો કે મારી ઇન્ટર્નશીપ પૂરી થયા પછી અને હું પોસ્ટ ગ્રેજ્યુએશનમાં જોડાઈશ ત્યારે આ સેવા કોણ ચાલુ રાખશે? આ ચિંતામાં તેમણે પોતાના જુનિયરો – અતુલ શાહ, બિમલ શાહ, સુરેશ કુબાવાત, વિક્રમ પટેલ, હેમંત પટેલ સહીત તેમના ૨૮ મિત્રોને એક રવિવારે આશ્રમમાં પિકનિકનું આમંત્રણ આપ્યું. કુદરતી સાનિધ્યમાં સ્વાદિષ્ટ ભોજન, મફત વાહનવ્યવસ્થા અને દેવ નદીના તાજગીસભર પાણીમાં ડૂબકી લગાવવાનું સુખ – આ લાલચનો પ્રતિકાર કરવો એકેય યુવાન માટે શક્ય નહોતો.

यूँ ही 3

## "મૈં અકેલા હી ચલા થા જાનિબ-એ-મંઝિલ મગર, લોગ સાથ આતે ગયે ઔર કારવાં બનતા ગયા."

જેવી રીતે વણાટકામમાં તાણા અને વાણા એકબીજાના પૂરક થઇ અલગ અલગ હોવા છતાં, એકસાથે મળીને એક સંપૂર્ણ અને આકર્ષક રચના રચે છે તેવી જ રીતે કોઇ પણ સંસ્થાની સફળતા માટે તેના મૂળભૂત સિદ્ધાંતો અને સમર્પિત લોકોનું યોગદાન બંને અનિવાર્ય છે.આ બંનેના સંયોજનથી જ સંસ્થા મજબૂત અને જીવંત બનતી હોય છે.



મુનિ સેવા આશ્રમની સફળતાના પાયામાં ઈશ્વર અને ગુરુકૃપાની સાથે સાથે એવા અનેક માનવરત્નો છુપાયેલા છે, જેમના કારણે આજે પણ આશ્રમ અડીખમ ઊભો છે.

આપણે ઇસાકભાઇ ચિનવાલાનો ઉલ્લેખ અગાઉ પણ જોયો. તેઓ સામાજિક જવાબદારીના ઉત્તમ વહનકર્તા હતા. આશ્રમની સ્થાપના થઈ તે પહેલાં પણ તેઓ આ આદિવાસી વિસ્તારમાં સેવાકાર્ય કરતા. શરૂઆતમાં ડો. ગોકળ પટેલ સાથે સંકળાયેલા, તેઓ આશ્રમમાં સૌથી પહેલાં જોડાનારા લોકોમાંના એક હતા. **સાદગીના પ્રતિક અને શક્તિના સ્તંભ સમાન!**



એક ઘટના જોઈએ તો... આશ્રમે ગૌશાળા શરૂ કરી હતી. તેને આત્મનિર્ભર બનાવવા દૂધના વેચાણમાંથી આવક થવી આવશ્યક હતી. આજે લોકો ગીર ગાયના દૂધ માટે ઊંચા ભાવ ચૂકવવા તૈયાર છે, પરંતુ તે સમયે પરિસ્થિતિ અલગ હતી. ગીર ગાયના દૂધના ફાયદાથી અજાણ ઘણા લોકો મોંઘું દૂધ ખરીદવા તૈયાર નહોતા. આ જાણીને, ઈસાકભાઈએ તેમના મિત્ર બાલ્દીવાલા સાથે મળીને આશ્રમ દ્વારા નક્કી કરાયેલા ભાવ કરતાં વધુ ભાવ ચૂકવવાની ઓફર કરતાં કહ્યું કે, **“ગાયનું આટલું સારું દૂધ આટલા ઓછા ભાવે ક્યાં મળે!” કલ્યાણની કામના સાથે લેવાયેલા આ એક નાનકડાં પગલાં એ આશ્રમની ગૌશાળાને મજબૂત બનાવી દીધી.**

આવા જ એક કોહિનૂર મહેન્દ્રભાઈ શાહ. પોતે સ્થાનિક શાળાના પ્રિન્સિપાલ અને એ વખતના સત્તધીશો સાથે સારા સંબંધો ધરાવતાં. આશ્રમ ખરેખર સારું કામ કરી રહ્યો છે, તેની ખાતરી થતાં તેમણે સંસ્થાના કામકાજમાં સક્રિય યોગદાન આપવાનું શરૂ કર્યું. તેઓ વારંવાર આશ્રમના સાદા રસોડામાં જમતા અને તેના બદલામાં ઉદારતાથી દાન આપતા. **તેમના લીધે આશ્રમની સેવા પ્રવૃત્તિના દરેક માર્ગ - પછી તે રાજકીય હોય કે સામાજિક - અવરોધો અને સરકારી કામકાજની આળસ વગર સરળ બનતા ગયા.**

જેમ ભાગ્ય પૂજ્ય શ્રી અનુબહેનને ગોરજ ભણી લઈ આવ્યું, તેવું જ બિહારી કાકા સાથે પણ થયું. આપણે જેને શ્રોફ કહીએ એવા બિહારી કાકાનો મુખ્ય ધંધો નાણાંની ધીરધાર અને રોકાણનો હતો. સામાન્ય રીતે આ ધંધાની શાખને થોડુંઘણું ક્રૂરતાનું ગ્રહણ લાગેલું કહેવાય, પણ **બિહારી કાકા એટલે પોતાના વ્યવસાયની કઠિનતાની નીચે છુપાયેલો એક નરમદિલ ફરિસ્તો!** એક દિવસ બિહારી કાકા અને તેમના સાળા - જે જમીન ખરીદવાનું વિચારી રહ્યા હતા તે જોવા માટે આ વિસ્તારમાં આવ્યા. પાછા ફરતી વખતે તેમણે આશ્રમની ઝૂંપડીઓ અને શેડ જોયા અને તેમના ડ્રાઇવરને વધુ માહિતી પૂછી. આ સાદા મકાનો સામાજિક સેવા આશ્રમના છે તે જાણીને તેમણે ડ્રાઇવરને ગાડી તે તરફ વાળવા કહ્યું. પૂજ્ય બહેને સ્વભાવ પ્રમાણે “અતિથિઓ” નું સ્નેહથી સ્વાગત કર્યું અને આશ્રમના રસોડે એ દિવસે બનેલું સાદું ભોજન પીરસ્યું.

બિહારી કાકાએ આશ્રમ વિશે પૂછપરછ શરૂ કરી. તે સમયે આશ્રમમાં જોડાઈ ચૂકેલા ડો. વિક્રમ પટેલ ત્યાંથી પસાર થયા અને વાતચીત આશ્રમ દ્વારા ચાલતા નાનકડા સ્વાસ્થ્ય ક્લિનિક અને તેના સંચાલન તરફ વળી. બિહારી કાકાએ સહેજ પૂછ્યું કે તેઓ દવાઓ ક્યાંથી ખરીદે છે. સપ્લાયર્સમાંથી એક 'જયશ્રી મેડિકલ' હતું, જેને બિહારી કાકા પણ ઓળખતા હતા. તેમણે કહ્યું કે હવે જ્યારે ડો. વિક્રમ વડોદરા આવે, ત્યારે શક્ય હોય તો તે તેમને મળીને જાય. થોડા દિવસો પછી, ડો. વિક્રમ દવાઓ ખરીદવા ગયા. બિહારી કાકાનું આમંત્રણ યાદ આવતાં, તેઓ સપ્લાયર્સ પાસે જતા રસ્તામાં તેમને મળવા ગયા. ત્યાં તેમને એક ગ્લાસ ઠંડુ પાણી અને એક કપ ગરમ ચાય આપવામાં આવી. ચાય પર ચર્ચા વખતે બિહારી કાકાએ અચાનક જ દવાઓ પરનો માસિક ખર્ચ પૂછ્યો. આ સમય હતો 1980નો મધ્યકાળ જ્યારે આ ખર્ચ હતો લગભગ ત્રણથી ચાર હજાર રૂપિયા! એક પણ ક્ષણ વિચાર્યા વિના, તેમણે કહ્યું, **“હવેથી દર મહિને દવાઓનાં બિલની રકમ મારા પાસેથી લઈ લેજો.”**



મુનિ સેવા આશ્રમ ક્યારેય આ અખંડ ઊર્જા અને પ્રોત્સાહન પ્રદાન કરનારા તેના સ્તંભોને ભૂલી શકશે નહીં. આવા અનેક વ્યક્તિઓના સમર્પણના તાણાંવાણાંથી મુનિ સેવા આશ્રમનું પોત વણાયું છે. આવનારા અંકોમાં આપણે આવા જ બીજા મૂક મદદગારો વિશે વાત કરીશું.